# વચનો નહીં પાળવા કેજરીવાલ ઉપર આક્ષેપ

નવી દિલ્હી,તા.૧૬


આમ આદમી પાર્ટીમાં પ્રથમ ખુલ્લા બળવાના ભાગરૂપે તેના ધારાસભ્ય વિનોદકુમાર બિન્નીએ આજે આક્ષેપ કર્યો હતો કે પાર્ટી વિજળી અને પાણી સહિત જુદા જુદા મુદ્દાઓ પર પોતાના વચનોથી પીછે હઠ કરી રહી છે. પાર્ટીના મૂળભૂત સિદ્ધાંતોથી પીછેહઠ કરવા બદલ બિન્નીએ દિલ્હીના મુખ્યમત્રી અરવિંદ કેજરીવાલની ઝાટકણી કાઢી છે. લક્ષ્મીનગરના ધારાસભ્યએ કહ્યુ હતુ કે ચૂંટણી પ્રચાર દરમિયાન દરેક ઘરને ૭૦૦ લીટર પાણી મફતમાં આપવાની વાત કરી હતી પરંતુ સરકારે હવે ખૂબ સાવધાનીપૂર્વક કહ્યુ છે કે આ મર્યાદાથી દૂર જવાની સ્થિતિમાં પાણીનું બિલ ચૂકવવું પડશે. તેમણે એમ પણ કહ્યુ હતુકે કોંગ્રેસનું સમર્થન લઈને સરકાર બનાવવાની બાબત પક્ષના સિદ્ધાંતો સાથે સમજૂતિ છે. બિન્નીએ કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટી લોકો સાથે વિશ્વાસઘાત કરી રહી છે. લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. બિન્નીએ અનશન પર જવાની ધમકી પણ આપી છે. બિન્નીએ કેજરીવાલના એવા આક્ષેપને પણ રદીયો આપ્યો છે કે તેઓ લોકસભાની ચૂંટણીની ટિકિટની માંગણી કરી રહ્યા હતા. તેમનું કહેવું છે કે જો પાર્ટી ૨૭મી જાન્યુઆરી સુધી પોતાના વચનોને પાળશે નહીં તો ભૂખહડતાળ કરશે. પાર્ટી નહીં છોડવાની પણ વાત કરી છે. સરકાર અને પાર્ટીની નિંદાને વાસ્તવિકતાની લડાઈ તરીકે ગણાવીને તેમણે કહ્યુ છે કે આમ આદમી પાર્ટીની રચના સત્તા મેળવવા અને મુખ્યમંત્રી બનાવવા માટે થઈ નથી. વચન મુજબ ૧૪ દિવસની અંદર જનલોકપાલ બિલ આવ્યુ નથી. દરમિયાન આમ આદમી પાર્ટીના કેટલાક નેતાઓ ભાજપના સંપર્કમાં હોવાનું જાણવા મળ્યું છે. આમ આદમી પાર્ટીમાં પણ કેટલાક મુદ્દાને લઈને ભારે ખેંચતાણની સ્થિતિ સર્જાયેલી છે. ભાજપના નેતાઓ આવા અહેવાલને રદિયો આપી રહ્યા છે કે આમ આદમી પાર્ટીના નેતાઓ તેની સાથે સંપર્કમાં છે. મળેલી માહિતી મુજબ આમ આદમી પાર્ટીના ત્રણ નેતાઓ પહેલાથી જ ભાજપના નેતાઓનો સંપર્ક કરી ચૂક્યા છે.

આમ આદમી પાર્ટીમાં બળવાની સ્થિતિ હોવા છતાં ભાજપ લોકસભા ચૂંટણી સુધી શાંત રહેવાની નીતિ અપનાવવા માટે મક્કમ છે પરંતુ લોકસભાની ચૂંટણી બાદ દિલ્હીના રાજકારણમાં ઊથલ પાથલ થવાની શક્યતા રહેલી છે. આમ આદમી પાર્ટીના વિનોદકુમાર બિન્ની અનેક વખત વાંધો ઉઠાવી ચૂક્યા છે. લોકસભાની ચૂંટણીને લઈને આ ખેંચતાણ આમ આદમી પાર્ટીમાં ચાલી રહી છે. બિન્નીનું કહેવું છે કે અરવિંદ કેજરીવાલ ખોટી વાતો કરી રહ્યા છે. અરવિંદ કેજરીવાલની પ્રતિષ્ઠાને પણ આના લીધે ફટકો પડ્યો છે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે બિન્ની ઉપરાંત વેસ્ટ દિલ્હીમાંથી આમ આદમી પાર્ટીના બે ધારાસભ્યો પણ ભાજપના નેતાઓના સંપર્કમાં છે.

આ લોકો ભાજપના નેતાઓને મળીને અરવિંદ કેજરીવાલને લઈને પોતાની નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. આમ આદમી પાર્ટીમાં બળવાની સ્થિતિ આગામી દિવસોમાં પણ યથાવત્ રહે તેવી શક્યતા છે. આવી સ્થિતિમાં પક્ષમાં રહેલી બળવાની સ્થિતિને શાંત કરવાની બાબત કેજરીવાલ માટે પણ ખૂબ પડકારરૂપ બનેલી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આ પ્રકારની હિલચાલ ઘાતક બની શકે છે. બળવાને રોકવા માટે આમ આદમી પાર્ટીના વ્યૂહરચનાકારો પણ સક્રિય થયેલા છે. લોકસભા ચૂંટણી બાદ ભાજપ આમ આદમી પાર્ટીની સામે તેમની આક્રમક રણનીતિ અપનાવશે અને સરકાર સામે પડકાર ઊભા કરશે. ભાજપ હાલમાં લોકોમાં ખોટી છાપ ઊભી ન થાય તેવા પ્રયાસમાં છે.

## વિનોદ બિન્ની સામે શિસ્તના પગલાઓ લેવા તૈયારી શરૂ

આમ આદમી પાર્ટીએ આજે તેના ધારાસભ્ય વિનોદકુમાર બિન્ની દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને રદિયો આપ્યો હતો અને કહ્યુ હતુ કે પક્ષ સામે આધાર વગરના આક્ષેપો કરવા બદલ બિન્ની સામે શિસ્તના પગલા લેવામાં આવશે. એએપીની ઓફિસ પર પત્રકારો સાથે વાતચીત કરતા નેતા યોગેન્દ્ર યાદવે કહ્યુ હતુ કે ધારાસભ્ય દ્વારા પક્ષ સામે બિનજરૂરી આધાર વગરના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. લોકસભાની ચૂંટણી માટે ટિકિટ ન અપવા બદલ




આ પ્રકારના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. યાદવે કહ્યુ હતુ કે પક્ષની રાજકીય બાબતોની સમિતિ બિન્ની સામે શિસ્તના પગલા લેશે અને ત્યારબાદ કારણદર્શક નોટિસ ફટકારશે. તેમણે ઉમેર્યુ હતુ કે પાર્ટીના સભ્યોના મત જુદા જુદા હોઈ શકે છે પરંતુ ગેરશિસ્તને ચલાવી લેવામાં આવશે નહીં. દિલ્હીના લોકો સાથે વિશ્વાસઘાત કરવાનો બિન્નીએ આક્ષેપ કર્યો છે. મુખ્યમંત્રી કેજરીવાલને ડિક્ટેટર તરીકે ગણાવ્યા છે. બિન્નીએ પત્રકાર પરિષદ પણ યોજી હતી જેમાં શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉઠાવ્યા હતા. યાદવે કહ્યુ હતુ કે આજે બિન્ની જ્યારે વાત કરી રહ્યા હતા ત્યારે એમ લાગી રહ્યુ હતુ કે તેઓ કોઈના દ્વારા લખવામાં આવેલી પટકથા વાંચી રહ્યા છે. તેઓએ એવા તમામ મુદ્દા ઉઠાવ્યા હતા જે મુદ્દા છેલ્લા થોડાક દિવસમાં ભાજપના નેતા હર્ષવર્ધન દ્વારા ઉઠાવવામાં આવ્યા છે. યાદવે કહ્યુ હતુ કે પક્ષના ધારાસભ્યોની બેઠક ૧૪મી જાન્યુઆરીના દિવસે મળી હતી. આ બેઠકમાં બિન્નીએ કોઈ પણ મુદ્દો ઉઠાવ્યો ન હતો. બિન્ની દિલ્હી વિધાનસભાની ચૂંટણી દરમિયાન સ્ક્રીનીંગ કમિટિના સભ્ય હતા. તેઓ પક્ષની તમામ મહત્વપૂર્ણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. એએપીના નેતાના કહેવા મુજબ બિન્ની પ્રધાન પદ લેવા માટે રસ ધરાવતા હતા સાથે સાથે લોકસભાની ચૂંટણી લડવા માટે પણ ઈચ્છુક છે.

# મૃત કોંગ્રેસ પાર્ટીને કોઈ ગાંધી ન બચાવી શકે : મેનકા ગાંધી

નવી દિલ્હી,તા. ૧૬

દેશના પ્રથમ પરિવાર ગાંધી પરિવાર પર હજુ સુધીના સૌથી આકરા પ્રહારના ભાગરૂપે ભાજપના વરિષ્ઠનેતા મેનકા ગાંધીએ આજે કહ્યુ હતુ કે સોનિયા ગાંધીના પુત્ર રાહુલ ગાંધી અને પુત્રી પ્રિયંકા ગાંધી કોંગ્રેસને બચાવી શકશે નહીં. નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી વચ્ચે સરખામણી અંગે તેમની પ્રતિક્રિયા જાણવાનો પ્રયાસ કરાતા મેનકા ગાંધીએ કહ્યુ હતુ કે રાહુલ ગાંધીની મોદી સાથે કોઈ ટક્કર નથી. આ સરખામણી કરવાની બાબત એક સિંહ અને એક પક્ષી વચ્ચે સરખામણી કરવા જેવી છે. મોદી વિશાળ અનુભવ સાથેના એક ચૂંટાયેલા નેતા છે જ્યારે રાહુલ ગાંધી તમામ મોરચે નિષ્ફળ છે જેથી મોદી સાથે સરખામણી કરવી યોગ્ય રહેશે નહીં. ગાંધી પરિવાર પર હજુ સુધીના સૌથી મોટા પ્રહાર તરીકે આને ગણવામાં આવે છે. મેનકા ગાંધી અને તેમના પુત્ર વરુણ ગાંધી ભાજપ સાથે જોડાયેલા છે. રાહુલ ગાંધીને મોટી જવાબદારી સોંપવા અંગેનો નિર્ણય લેવામાં આવનાર છે ત્યારે મેનકા ગાંધીની આ પ્રતિક્રિયાને ઉપયોગી તરીકે ગણવામાં આવે છે.

કોંગ્રેસ હવે એક મૃત પાર્ટી બની ચુકી છે. તેમાં નવા પ્રાણ ફૂંકવા શક્ય નથી. શાસક પાર્ટી પર આકરા પ્રહારો કરતા મેનકા ગાંધીએ કહ્યુ હતુકે કોંગ્રેસ પાર્ટીએ છેલ્લા ૧૦ વર્ષથી



દેશમાં ભારે લૂંટ ચલાવી છે. કોંગ્રેસના શાસનથી લોકો ખૂબજ ત્રાસી ચુક્યા છે. આગામી ચૂંટણીમાં પક્ષ માટે લોકો મત આપનાર નથી. મૃત કોંગ્રેસ પાર્ટીને કોઈ પણ ગાંધી બચાવી શકે તેવી સ્થિતિમાં નથી. એક ખાનગી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં ભાજપના વરિષ્ઠનેતાએ કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટીની હાલત એક ડૂબી રહેલા જહાજ તરીકેની છે. ભ્રષ્ટાચાર અને કૌભાંડોના લીધે આ પાર્ટીની પ્રતિષ્ઠા સંપૂર્ણપણે ખરડાઈ ગઈ છે. ઘણા વર્ષોથી આ પાર્ટીએ સતત લૂંટ ચલાવી છે. કોંગ્રેસની નેતાગીરી રાહુલ ગાંધીની મોટી જવાબદારી સોંપવા માટે તૈયાર છે તે અંગે પુછવામાં આવતા મેનકા ગાંધીએ કહ્યુ હતુ કે ૪૦ ચોરની ટીમમાં કોન નૃત્વ કરશે તે બાબત વધારે મહત્વપૂર્ણ નથી. હાલમાં જ વડાપ્રધાન સિંહ રાહુલ ગાંધીની પ્રશંસા કરી હતી તે અંગે ધ્યાન દોરવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે સમગ્ર દેશ જાણે છે કે સોનિયા ગાંધી અને તેમના પુત્ર રાહુલે તેમના પોતાના હાથમાં સત્તા લીધેલી છે જેથી જવાબદારી કોણ લેશે તે વધારે મહત્વ નથી. કોંગ્રેસને ખરાબ લોકોની પાર્ટી તરીકે ગણાવીને મેનકા ગાંધીએ કહ્યુ હતુ કે પાર્ટીને તરતજ તેની માનસિકતા અને ઈમેજ બદલવાની જરૂર છે. પ્રિયંકા ગાંધીને પણ મોટી જવાબદારી સોંપવામાં આવનાર છે. તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે તેમની ભૂમિકા અંગે તેઓ કોઈ ટિપ્પણી કરવા માંગતા નથી.

# બરાક ઓબામા અને મિશેલ વચ્ચેના સંબંધોમાં ખેંચતાણ

વોશિંગ્ટન,તા.૧૬

અમેરિકાના પ્રથમ મહિલા મિશેલ ઓબામાના ૫૦મા જન્મ દિવસ પહેલાં પ્રમુખ બરાક ઓબામા અને તેમની વચ્ચે સંબંધોમાં ખેંચતાણની સ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. ચર્ચા એવી પણ છે કે બરાક ઓબામાની નોટી હરકતોથી હેરાન થઈને મિશેલ ઓબામાથી અલગ રહેવાનો નિર્ણય કરી લીધો છે. બંનેમાં છૂટાછેડાની સ્થિતિ સર્જાઈ ગઈ હોવાના સંકેત મળી રહ્યા છે. ૧૭મી તારીખે એટલે કે આવતીકાલે મિશેલ ઓબામાના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. અમેરિકાના વેબસાઈટ નેશનલ એનક્વાયલર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તેમની વચ્ચે સંબંધોમાં તિરાડની સ્થિતિ છે. જો કે ભારે હોબાળો થયા બાદ આ વેબસાઈટે અહેવાલને વેબસાઈટથી દૂર કરી દીધા હતા પરંતુ અન્ય તમામ વેબસાઈટોએ આ સમાચાર ઉપાડી લીધા છે. અહેવાલ મુજબ અમેરિકાના પ્રથમ દંપતી વચ્ચે તિરાડ દિનપ્રતિદિન વધી રહી છે. મિશેલે તલાક માટે વકીલો સાથે સલાહસૂચન કર્યા હોવાનો અખબારે દાવો કર્યો હતો. અલબત્ત બરાક ઓબામાની વિનંતી બાદ મિશેલ અલગ થવાના નિર્ણયને હાલમાં જાહેર નહીં કરવાના મુદ્દા ઉપર રાજી થઈ ગઈ છે. એમ માનવામાં આવે છે કે ઓબામાના વર્તમાન પ્રમુખ તરીકેના ગાળાની પૂર્ણાહૂતિ સુધી એટલે કે ૨૦૧૬ સુધી તલાક થશે નહીં. જો કે વ્હાઈટ હાઉસમાં બરાક ઓબામા કરતા મિશેલ અલગ રહે તેમ માનવામાં આવે છે. દક્ષિણ આફ્રિકાના પૂર્વ પ્રમુખ નેલ્સન મંડેલાની શોકસભામાં ઓબામા અને ડેન્માર્કના વડાપ્રધાન હેલ થોરનીંગના સેલ્ફી એક્ટના એક સપ્તાહ બાદ અમેરિકાના પ્રથમ દંપતીની લાઈફમાં ખળભળાટ મચી ગયો છે. મિશેલને જાણવા મળ્યું છે કે ઓબામા બે વખત તેમની સાથે વિશ્વાસઘાત કરી દીધા છે. એવું પણ જાણવા મળ્યું છે કે હવાઈમાં હોલિ ડે દરમિયાન ઓબામાએ મિશેલને મનાવવાના તમામ પ્રયાસ કર્યા હતા. વ્હાઈટ હાઉસમાં આપવામાં આવનારી પાર્ટીના સંબંધમાં પણ વધારે માહિતી મળી શકી નથી.

### પ્રધાનો દરમિયાનગીરી કરતા નથી : કેજરીવાલ

# દિલ્હીમાં ગુના પ્રશ્ને પોલીસ પર કેજરીવાલના દોષારોપણ

નવી દિલ્હી,તા. ૧૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે સેક્સ એન્ડ ડ્રગ્સ ગેંગ સામે કાર્યવાહી કરવાનો ઈન્કાર કરવા બદલ તેના અધિકારીઓ પૈકીના ચારને સસ્પેન્ડ કરવા પોલીસને આદેશ કર્યો હતો. દિલ્હીમાં ડેનીસ મહિલા પર ગેંગ રેપનો બનાવ બન્યા બાદ દિલ્હી સરકારની વ્યાપક ટીકા થઈ રહી છે. કેજરીવાલે કહ્યુ હતુકે દિલ્હીમાં લોકોની સુરક્ષા ભગવાનના હાથમાં જતી રહી છે. મહિલાઓ સામે હાલમાં જ બની રહેલા ગેંગરેપના બનાવોના મામલે દિલ્હી પોલીસની કેજરીવાલે આજે ઝાટકણી કાઢી હતી. કેજરીવાલે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે અમે દિલ્હી પોલીસને પણ ચેતવણી આપી રહ્યા છીએ. મુખ્યમંત્રીએ અતિ કઠોર ભાષાનો ઉપયોગ કર્યો હતો અને કહ્યુ હતુ કે દિલ્હી પોલીસ દ્વારા ભારે ઉદાસીન વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. દિલ્હીના મુખ્યમંત્રીએ સાગરપુરના



સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ) અને માલવિયન નગર પોલીસ સ્ટેશના એસએચઓ તથા અન્ય બે આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી. સાગરપુરના એસએચઓએ હાલમાં જ કાર્યવાહી કરવા ઉદાસીનતા દાખવી હતી. કેજરીવાલે માલવિયનગરના એસએચઓ પર દક્ષિણ દિલ્હીમાં ફોરેનરો સાથે બાંધછોડ કરવાનો આક્ષેપ કર્યો હતો. મુખ્યમંત્રીએ એવા આક્ષેપને રદિયો આપ્યો હતો કે તેમના પ્રધાનો દિલ્હી પોલીસની કામગીરીમાં દરમિયાનગીરી કરી રહ્યા છે અને કહ્યુ હતુ કે બોલવાનો પ્રધાનો અધિકાર ધરાવે છે. જો ગુનાઓ બનશે તો ચોક્કસપણે અવાજ ઉઠાવવામાં આવશે. દરમિયાન અરવિંદ કેજરીવાલે કહ્યુ હતુ કે આગામી દિવસોમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબુત કરવાની જરૂર છે. મંગળવારના દિવસે ૫૧ વર્ષીય ડેનિસ પ્રવાસી પર ગેંગરેપ કરવામાં આવ્યો હતો. બુધવારે કેજરીવાલે કહ્યુ હતુ કે તેઓ પાટનગરમાં બની રહેલા ગુનાઓના સંદર્ભમાં પોલીસ કમિશનર સાથે વાતચીત કરશે. કેજરીવાલે આજે ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરવા આદેશ કર્યો હતો.

### અકસ્માતથી ટ્રેન સેવાને અસર

# કાનપુરમાં ટ્રેન સાથે ટ્રક ટકરાતા બેના મોત થયા

કાનપુર,તા. ૧૬

ઉત્તરપ્રદેશના કાનપુર દેહાતના શિવરાજપુરમાં માનવ વગરના રેલવે ક્રોસિંગ ખાતે એક ટ્રેન ટ્રક સાથે અથડાઈ જતા બે લોકોના મોત થયા છે. આ અકસ્માતના કારણે કાનપુર-મથુરા રેલવે રૂટ પર ટ્રેન સેવા સંપૂર્ણપણએ ખોરવાઈ ગઈ હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે છપરા-મથુરા એક્સપ્રેસ બે-અઢી કલાક મોડેથી દોડી રહી છે. ટ્રક ડ્રાઈવરે ઉતાવળમાં રેલવે ટ્રેકને પાર કરવાનો પ્રયાસ કર્યો હતો જેમાં આ અકસ્માત સર્જાયો હતો. ધૂમ્મસ અને અંધારાના પરિણામ સ્વરૂપે પણ આ બનાવ બન્યો હતો. ટ્રક ડ્રાઈવર અને ક્લિનરનું ઘટનાસ્થળે જ મોત થયુ હતુ. જીઆરપી અને શિવરાજપુર પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોચી ગઈ હતી. રેલવે વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. શિવરાજપુર પોલીસ સ્ટેશનના વડા જયપ્રકાશ યાદવ દ્વારા અહેવાલને સમર્થન આપવામાં આવ્યુ છે. માનવ વગરના રેલવે ક્રોસિંગ ખાતે અકસ્માતોનો સિલસિલો દેશભરમાં યથાવતરીતે જારી રહ્યો છે. વારંવાર આ પ્રકારના અસકમાતો થતા રહે છે. કાનપુરમાં ટ્રકમાં ટ્રેન ઘૂસી જવાના આ બનાવને લઈને ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. ડ્રાઈવર અને ક્લિનરની ઓળખ થઈ શકી નથી.

### વિચારોનાં મધુવનમાં (પાના નં. ૪ નું ચાલુ)

**‘હું મોટો’ આ રોગ રામાયણ અને મહાભારત ઉભા કરનારો છે. ‘તું મોટો આ સુખી થવાનો રસ્તો છે. કોઇ પણ કાર્ય કે પ્રવૃત્તિની સફળતાનો આધાર તે અંગેના ગંભીર વિચાર ઉપર આધારિત છે. તે માટે ચાર પ્રકારનું ચિંતન જરૂરી છે. ૧.સર્જનાત્મક ચિંતન, ૨. હેતુલક્ષી ચિંતન, ૩. તર્કબદ્ધ ચિંતન, ૪. પરિણામ લક્ષી ચિંતન.’**

**અંગ્રેજીમાં કહેવાય છે કે ‘ક્રાઇંગ બર્થ, સ્માઇલીંગ લાઇફ, ડાન્સીગ ડેથ’ કહેવાય છે. જન્મ ભલે રૂદન લઇને આવતું, પણ જીવનયાત્રા તો પ્રસન્નતાથી ચાલે અને મૃત્યુને એની નૃત્યમય કલા કરવાની છૂટ હોય તેમાં જ તેની મહાનતા. રામાયણ માણસને શું કરવું એ શીખવે છે અને મહાભારત માણસને શું ન કરવું એ શીખવે છે, રામાયણ માણસને મરતાં શીખવે છે. વિદ્યાનો ચોથો ભાગ જ આચાર્ય તરફથઇ મળે છે, બીજો ચોથો ભાગ સહાધ્યાયીઓ સાથે વિચારવિમર્શ કરવાથી, ત્રીજો અંશ ભણવાથી મેધા કે બુદ્ધિથી અને ચોથો અંથ સમય જતાં અનુભવની પરિપક્વતા સાથે પ્રાપ્ત થાય છે.**

**આજના વિદ્યાલયોમાં જો ફેરફાર કરવાની છૂટ મળે તો એક કામ જરૂર કરૂં. બધા જ બાળકોને અઠવાડિયામાં એક દિવસ ખેતરોમાં લઇ જઇને કુદરતનાં વિવિધ સ્વરૂપોની ઝાંખી કરાવું. જો આપણે કુદરતનાં અંશ છીએ તો કુદરતથી વિમુખ કેવી રીતે થઇ શકીએ.**

# હવે પરમાણુ સક્ષમ અગ્નિ-૪ મિસાઈલનું સોમવારે પરિક્ષણ

નવી દિલ્હી,તા. ૧૬

ભારત ૪૦૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતી પરમાણુ સક્ષમ અગ્નિ-૪ મિસાઈલનું આગામી સોમવારના દિવસે પરિક્ષણ કરશે. સંરક્ષણ, સંશોધન અને વિકાસ સંસ્થાના સૂત્રોએ કહ્યુ છે કે આ મિસાઈલના ત્રીજા સફળ પરિક્ષણ બાદ આને સેનામાં સામેલ કરવાની દિશામાં પગલા લેવામાં આવશે. મિસાઈલનું પ્રથમ પરિક્ષણ સંપૂર્ણપણે સફળ રહ્યુ ન હતુ. સોમવારના દિવસે ઓરિસ્સાના દરિયાકાંઠે સ્થિત ચાંદીપુરની ઈન્ટેરીગ ટેસ્ટ રેન્જ ખાતેથી આનું પરિક્ષણ કરવામાં આવશે. આ સમગ્ર વિસ્તારમાં માછીમારો અને અન્ય દરિયાગી ગતિવિધિમાં સામેલ લોકોને સાવધાન કરી દેવામાં આવ્યા છે. અગ્નિ સિરિઝ મિસાઈલોની શ્રેણીની આ ચોથી મિસાઈલ છે. અગાઉ આને અગ્નિ બે તરીકે પણ આને લોકપ્રિય રાખવમાં આવી હતી. ટેકનોલોજીમાં સુધારો કરવામાં આવ્યો છે. ૧૫મી નવેમ્બર ૨૦૧૧ન દિવસે પ્રથમ વખત અગ્નિ-૪નું સફળ પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. આ મિસાઈલ ઓરિસ્સાના દરિયાકાંઠે વિલર આઈલેન્ડથી સવારે ૯ વાગ્યે રોડ મોબાઈલ લોન્ચરથી લોન્ચ કરવામાં આવી હતી. આ મિસાઈલનું ફરી ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટર છે. આ મિસાઈલ અતિ આધુનિક છે અને તેમાં પ્રકારની સુવિધાઓ રહેલી છે તેવું જાણવા મળ્યુ છે.

# ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં મારિયા શારાપોવાની આગેકૂચ

મેલબોર્ન,તા.૧૬

રશિયન ટેનિસ સ્ટાર મારિયા શારાપોવા ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં ત્રીજા રાઉન્ડમાં આજે પહોંચી ગઈ હતી. મારિયા શારાપોવાને તેની હરીફ ખેલાડીએ જોરદાર ટક્કર આપી હતી અને છેલ્લે સુધી મેચને ખેંચી હતી. ઈટાલીની કરીને શારાપોવા સામે જોરદાર ટક્કર લીધા બાદ છેવટે પરાજીત થઈ હતી. રશિયન ગ્લેમર ગર્લ શારોપોવાએ ૪૨ ડિગ્રી તાપમાન વચ્ચે બે કલાક સુધી ચાલેલી મેચમાં ૪૪મી ક્રમાંકિત ખેલાડી કરીન ઉપર ૬-૩, ૪-૬, ૧૦-૮થી જીત મેળવી હતી. ચાર ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલી ચેમ્પિયનને ત્રણ કલાક અને ૨૮ મિનિટ સુધી કોર્ટ ઉપર રહેવાની ફરજ પડી હતી. કારણ કે તેની હરીફ ખેલાડીએ જોરદાર લડત આપી હતી. વર્ષ ૨૦૧૨માં ફ્રેન્ચ ઓપનમાં જીત મેળવ્યા બાદ શારાપોવા પ્રથમ મોટી ટુર્નામેન્ટ જીતવાના પ્રયાસમાં છે.



મેલબોર્ન ખાતે પરિસ્થિતિ ખૂબ જ જટિલ રહી હતી. કારણ કે તીવ્ર ગરમી વચ્ચે ખેલાડીઓને તકલીફ પડી રહી છે. શારાપોવાએ કહ્યું હતું કે હાલમાં અહીં મેચ રમવાની બાબત ખૂબ જ પડકારરૂપ છે. કારણ કે તીવ્ર ગરમીની અસર જોવા મળી રહી છે. ૨૬ વર્ષીય શારાપોવા ઈજામાંથી બહાર નિકળી છે. આ વખતે તેની પાસેથી ખૂબ સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. રોડલેવર એરેના ખાતે રમાયેલી આ મેચમાં તેની મેચ જોવા માટે મોટી સંખ્યામાં શારાપોવાના ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ રાઉન્ડમાં શારાપોવાને સર્વિસમાં ઘણી તકલીફ થઈ હતી અને ત્રીજી ગેમમાં ત્રણ ડબલ ફોલ્ટ કર્યા હતા પરંતુ ઈટાલીયન ખેલાડી પરિસ્થિતિનો લાભ લેવામાં નિષ્ફળ ગઈ હતી. ૧૧મી ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમી રહેલી રશિયન ખેલાડીએ ૨૦૦૮માં અહીં ચેમ્પિયન બનવામાં સફળતા મેળવી હતી.

શારાપોવાએ તેની રમત ખૂબ સારી રમી હતી પરંતુ સર્વિસમાં ખૂબ નબળી સાબિત થઈ હતી જેથી મજબૂત ખેલાડીઓ સામે રમતી વેળા હવે તેને સર્વિસમાં વધારે મહેનત કરવી પડશે. આ મહિનામાં બ્રિસ્બેન ઈન્ટરનેશનલમાં પણ તે રમી હતી. શારાપોવા હવે ત્રીજા રાઉન્ડમાં ફ્રાન્સની ખેલાડી કોરનેટ સાથે ટકરાશે. દરમિયાન વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી નડાલે પોતાના જ દેશના હરીફ ખેલાડી કોકીનાકીસ ઉપર સીધા સેટોમાં જીત મેળવીને ત્રીજા રાઉન્ડમાં કૂચ કરી હતી. વર્ષ ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયન ઓપન ઈજાના કારણે નહીં રમેલા નડાલે શાનદાર રમત રમી હતી. આ મેચ એક કલાક અને ૫૩ મીનીટ સુધી ચાલી હતી જેમાં નડાલે પોતાના હરીફ ખેલાડી પર ૬-૨, ૬-૪, ૬-૨થી જીત મેળવી હતી. નડાલ આ વખતે જોકોવિકના વર્ચસ્વને તોડવા માટે મેદાનમાં ઉતરી ચુક્યો છે. તીવ્ર ગરમીની સ્થિતિમાં આ મેચ રમાઈ હતી.

# હવે બિહારમાં ૫૭૬થી વધુ કર્મીની ટૂંકમાં જ હકાલપટ્ટી

પટના,તા.૧૬

આમ આદમી પાર્ટીની અસર દરેક પાર્ટી ઉપર હાલમાં જોવા મળી રહી છે. બિહારમાં નીતીશકુમાર સરકારે હવે ભ્રષ્ટાચાર સામે આક્રમક રીતે ઝુંબેશ છેડી દીધી છે અને ૫૭૬ અધિકારીઓ અને કર્મચારીઓને હાંકી કાઢવાની તૈયારીઓ કરી લીધી છે. બિહાર સરકારની હિલચાલના કારણે ૫૭૬ અધિકારીઓ અને સ્ટાફ ઉપર તવાઈ આવી ગઈ છે. ભ્રષ્ટાચારના આક્ષેપોના મામલે બે મહિનાની અંદર સર્વિસમાંથી મોટાપાયે અધિકારીઓની હકાલપટ્ટી કરવામાં આવશે. મુખ્યમંત્રી નીતીશકુમારે આ અધિકારીઓ અને કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારના કેસોની તપાસમાં પ્રગતિની સમીક્ષા કરી છે. ૫૭૬ સરકારી કર્મચારીઓ પૈકીના ૧૮૭ સામે વિભાગીય કાર્યવાહી અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. એક સપ્તાહની અંદર જ તેમને બરતરફ કરવામાં આવે તેવી શક્યતા છે. મુખ્ય સેક્રેટરી એ કે સિંહાએ મુખ્યમંત્રી સાથે બેઠક યોજ્યા બાદ આ અંગેની જાહેરાત કરી હતી. નીતીશકુમારે વિભાગીય વડાઓ અને જિલ્લા મેજિસ્ટ્રેટ સામે સાપ્તાહિક બેઠક યોજવા મુખ્ય સચિવને સૂચના આપી દીધી છે. ભ્રષ્ટાચારના કેસોની તપાસમાં પ્રગતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. ડીએમ અને એસપી સાથે વિડીયો કોન્ફરન્સી દરમિયાન નીતીશકુમારે કહ્યું હતું કે સરકાર ભ્રષ્ટાચાર સામે કઠોર વલણ અપનાવશે. સરકાર ભ્રષ્ટાચારી અધિકારીઓના સસ્પેન્સનને પરત ખેંચશે નહીં. બ્લોક ડેવલોપમેન્ટ અધિકારીઓ અને સર્કલ ઓફિસરો સામે મોટાભાગની ફરિયાદો આવી છે જેથી ડીએમ પાસે તેમની બદલી કરી દેવા અથવા તો સસ્પેન્ડ કરી લેવાની સત્તા રહેલી છે. ચીફ સેક્રેટરી દ્વારા આ મુજબની માહિતી અપાઈ છે. જિલ્લા સ્તરે વધુ પોલીસ અને નાગરિક અધિકારીઓને તૈનાત કરવામાં આવશે. વિઝિલન્સ યુનિટોને મજબૂત કરવાનો હેતુ છે. સીબીઆઈની કામગીરીને લઈને પણ નીતીશ કુમારે વાત કરી હતી. ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહેલા સામે વિભાગીય કાર્યવાહી કરવાનો આદેશ અપાયો છે. આવા કેસોમાં ડીસ્મીસલ પ્રક્રિયા હાથ ધરવા માટે પણ કહેવામાં આવ્યું છે. પોલીસ દ્વારા કેટલાક અધિકારીઓના આવાસ ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

### વીરભદ્રસિંહ દ્વારા કેસ દાખલ

# જેટલી અને ધૂમાલ સામે અંતે બદનક્ષી કેસ કરાયો

શિમલા,તા. ૧૬

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહે ભારતી જનતા પાર્ટીના નેતા અરૂણજેટલી અને પીકે ધૂમાલ સામે આજે બદનક્ષીનો કેસ દાખલ કરી દીધો હતો. ત્રણેય વિપક્ષી નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના નેતાએ તેમના અને તેમના સંસદીય સભ્ય પત્ની પ્રતિભા સિંહના નામે ચેક મારફતે વેન્ચર એનર્જી અને ટેકનોલોજી પ્રાઈવેટ લીમીટેડ પાસેથી ૧.૫ કરોડ અને ૨.૪ કરોડ રૂપિયા લીધા હતા. આ કંપની રાજ્યમાં પાવર પ્રોજેક્ટ ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપના નેતાઓએ ગયા સપ્તાહમાં જોરદાર હોબાળો મચાવ્યો હતો. વીરભદ્રસિંહ દ્વારા બદનક્ષીનો કેસ દાખલ કર્યા બાદ હિલચાલ શરૂ થઈ ગઈ છે. ભાજપના નેતાઓએ રાજીનામુ આપવા પણ વીરભદ્રસિંહને કહ્યુ હતુકે સાથે સાથે તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપોમાં સીબીઆઈ તપાસની માંગ કરી હતી. વીરભદ્રસિંહે દાવો કર્યો છે કે તેઓ નિર્દોષ છે. સીબીઆઈ તપાસથી તેઓ ભાગી રહ્યા નથી. રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીએ કહ્યુ હતુકે વીરભદ્રસિંહ સામે તપાસ કરવામાં આવે તે અતિ જરૂરી છે. વીરભદ્રસિંહ પર તપાસનો સકંજો દિનપ્રતિદિન મજબુત થઈ રહ્યો છે. તેમની પુછપરછ કરવામાં આવશે તેવા અહેવાલ પણ હાલમાં આવ્યા હતા. હવે બદનક્ષીનો કેસ દાખલ કરતા આ મામલામાં રાજકીય ગરમી વધી ગઈ છે અને આક્ષેપપ્રતિ આક્ષેપનો દોર વધુ તીવ્ર બને તેવી શક્યતા દેખાઈ રહી છે.